==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

ડી.ડી.એ. અને અન્ય

વિરુદ્ધ

જોગીન્દર એસ. મોંગા અને અન્ય.

૧૨ ડિસેમ્બર, ૨૦૦૩

[ન્યાયમૂર્તિ અશોક ભાન અને ન્યાયમૂર્તિ એસ.બી. સિંહા]

દિલ્હી વિકાસ અધિનિયમ, ૧૯૫૭ – કલમો ૨૨ અને ૫૬ – દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડિસ્પોઝલ ઓફ ડેવલપ્ડ નઝુલ લેન્ડ) રૂલ્સ, ૧૯૮૧ – નિયમ ૨૩ – પટ્ટાધારક દ્વારા ભાડાપટ્ટાની મિલકતનું વેચાણ – ચૂકવવાપાત્ર મૂલ્યમાં અર્જિત વધારાની ગણતરી માટે બજારભાવનું નિર્ધારણ – તે હેતુ માટે બજારભાવ નક્કી કરતાં અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર પત્રો – વેચાણ કરારના આધારે રાજ્ય દ્વારા વધુ બજારભાવ નક્કી કરવો – તેની યોગ્યતા – ઠરાવ્યું, યોગ્ય નથી – કેન્દ્ર

સરકારના પરિપત્ર પત્રો રાજ્ય પર બંધનકર્તા છે.

અપીલકર્તાના મૂળ પેટા–ભાડાપટ્ટાધારકના કાનૂની વારસદાર એવા સામાવાળા નં. ૧ એ, પ્લોટના મૂલ્યમાં ૫૦% અર્જિત વધારા ઉપરાંત રૂ. ૫,૦૦,૦૦,૦૦૦ ના વેચાણ અવેજ પેટે ફાળવેલ ભાડાપટ્ટાના પ્લોટના વેચાણ માટે સામાવાળા નં. ૮ અને ૯ સાથે વેચાણ કરાર કર્યો હતો. સામાવાળા નં. ૧ એ વેચાણ અવેજ દર્શાવીને ભાડાપટ્ટાની મિલકતના વેચાણ માટે પરવાનગી આપવાની માંગણી કરતી એક અરજી અપીલકર્તા સમક્ષ કરી હતી. અપીલકર્તાએ વેચાણ અવેજમાં ૫૦% અર્જિત વધારાનો સમાવેશ કર્યો અને પ્લોટનો બજારભાવ રૂ. ૭,૫૦,૦૦,૦૦૦ નક્કી કર્યો તથા તબદીલી માટે રૂ. ૩,૬૨,૪૪,૪૨૦ ની માંગણી કરી.

અર્જિત વધારો નક્કી કરવાના હેતુથી બહાર પાડવામાં આવેલા પરિપત્ર પત્રોમાં ભારત સરકાર/લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા બજારભાવથી વિપરીત જઈને અપીલકર્તા દ્વારા પ્લોટના બજારભાવના કરવામાં આવેલા મનસ્વી નિર્ધારણને પડકારતાં સામાવાળાઓએ હાઇકોર્ટ સમક્ષ રિટ પિટિશનો દાખલ કરી હતી. હાઇકોર્ટે સામાવાળાઓની રિટ પિટિશનો મંજૂર કરી હતી.

તે દરમિયાન, અપીલકર્તાએ ભાડાપટ્ટાની મિલકતમાંથી ફ્રીહોલ્ડ મિલકતમાં રૂપાંતરણ કરવા માટે એક યોજના દાખલ કરી હતી. કેટલાક કિસ્સાઓમાં અપીલકર્તાએ ૫૦% અર્જિત વધારાની ચુકવણી કર્યા વિના, માત્ર

રૂપાંતરણ શુલ્કની ચુકવણી દ્વારા વેચાણ દસ્તાવેજ કરી આપવાની પરવાનગી આપી હતી. અન્ય વ્યક્તિઓને જે રાહત આપવામાં આવી હતી તેવી જ રાહત અપીલકર્તા પાસેથી મેળવવાનો દાવો કરીને સામાવાળાઓએ વધારાના મુદ્દાઓ ઉપસ્થિત કરતી એક અરજી આ કોર્ટ સમક્ષ દાખલ કરી હતી.

આ કોર્ટ સમક્ષની અપીલમાં, અપીલકર્તાએ એવી દલીલ કરી હતી કે અન્ય વ્યક્તિઓને આપવામાં આવેલો લાભ એક ભૂલ હતી, જે સામાવાળાઓને ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ હેઠળ તેવા જ સમાન લાભનો દાવો કરવા માટે હકદાર બનાવતી નથી; બજારભાવ નક્કી કરતાં ભારત સરકારના પરિપત્ર પત્રો વૈધાનિક પેટા–ભાડાપટ્ટાથી ઉપરવટ જઈ શકતા નથી અને તેથી તે ગેરકાયદેસર છે; લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા બહાર ન પાડવામાં આવેલો પરિપત્ર પત્ર ગેરકાયદેસર છે; અને અપીલકર્તાનો ત્યાર પછીનો નીતિવિષયક નિર્ણય એવા સામાવાળાઓને લાગુ કરી શકાય નહીં, જેઓ માંગવામાં આવેલી રકમ જમા કરાવવાનો વિકલ્પ પસંદ કરી ચૂક્યા છે અને જેમણે વેચાણ દસ્તાવેજ કરાવીને નોંધણી પણ કરાવી લીધી છે.

સામાવાળાઓએ એવી દલીલ કરી હતી કે જે અન્ય વ્યક્તિઓને લાભ આપવામાં આવ્યો હતો તેમની સાથે સામાવાળાઓ સમાન સ્થિતિમાં હતા અને તેથી તેમની સાથે કોઈ ભિન્ન વ્યવહાર કરી શકાય નહીં; પરિપત્ર પત્રો બજારભાવ નિર્ધારિત કરે છે અને માત્ર માપદંડો નહીં; તથા દિલ્હી વહીવટીતંત્ર તરફથી કોઈ ભૂલ થઈ હોવા બાબતે અગાઉ ક્યારેય કોઈ રજૂઆત કરવામાં આવી ન હતી કે

દલીલ કરવામાં આવી ન હતી.

અપીલોને ફગાવી દેતાં, કોર્ટે

ઠરાવવામાં આવ્યું : ૧. અન્ય વ્યક્તિઓની અરજીઓ માત્ર સમકાલીન જ ન હતી, પરંતુ અન્ય તમામ સંબંધિત હકીકતોમાં પણ સમાન હતી. સામાવાળાઓની આ દલીલમાં વજૂદ છે કે જ્યારે અન્ય વ્યક્તિઓને ભાડાપટ્ટામાંથી ફ્રીહોલ્ડમાં રૂપાંતરણની કથિત નવી નીતિનો લાભ મળ્યો છે, ત્યારે આ કામના સામાવાળાઓ પોતાના કોઈ દોષ વગર તેનાથી વંચિત રહ્યા છે. [૭૯૮–એફ–જી]

૨.૧. દિલ્હી વહીવટીતંત્ર દ્વારા ઉપયોગમાં લેવાતી લેફ્ટનન્ટ ગવર્નરની સત્તા એ પ્રત્યાયોજન સત્તા છે. દિલ્હી વિકાસ અધિનિયમ, ૧૯૫૭ અને દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડિસ્પોઝલ ઓફ ડેવલપ્ડ નઝુલ લેન્ડ) રૂલ્સ, ૧૯૮૧ મુજબ જ્યારે અને જેમ જરૂર જણાય ત્યારે વૈધાનિક નિર્દેશો જારી કરવાની અથવા નીતિવિષયક નિર્ણય લેવાની પોતાની સત્તાથી ભારત સંઘ વંચિત થઈ ગયું છે તેમ કહી શકાય નહીં. બજારભાવ નિર્ધારિત કરવાની સત્તા ભાડાપટ્ટા આપનારની છે. જ્યારે મુખ્ય કમિશનરને ભાડાપટ્ટા આપનારની સત્તા પ્રત્યાયોજન કરવામાં આવી છે, ત્યારે તેઓ, પેટા–ભાડાપટ્ટાના દસ્તાવેજની કલમ ૧૦(એ)(બી) ની શરતો મુજબ, આવી સત્તા વાપરવા માટે કોઈ અધિકારી કે અધિકારીઓને તેનું પુનઃ–પ્રત્યાયોજન કરી શકતા નથી. જ્યારે ભાડાપટ્ટા આપનાર અથવા તેમની પ્રત્યાયોજન સત્તા દ્વારા કોઈ વિસ્તાર માટે બજારભાવ નક્કી કરવામાં આવે,

ત્યારે તે તેમના પર બંધનકર્તા રહેશે. જોકે આ પેટા–ભાડાપટ્ટો વૈધાનિક સ્વરૂપનો છે, તેમ છતાં નિયમો યોગ્ય ફેરફારો માટેની જોગવાઈ કરે છે. [૮૦૧–એફ–એચ]

૨.૨. પેટા–ભાડાપટ્ટાના દસ્તાવેજની કલમ (૬) ની પેટા–કલમ (બી) અને તેની સાથે જોડાયેલ પરંતુક ભાડાપટ્ટા આપનારને વિવેકાધિકાર પ્રદાન કરે છે. બજારભાવના સંબંધમાં ભાડાપટ્ટા આપનારનો નિર્ણય આખરી અને બંધનકર્તા છે. આવી સત્તાના ઉપયોગમાં ભાડાપટ્ટા આપનાર દ્વારા સામાન્ય રીતે અથવા કોઈ વિશિષ્ટ કેસમાં નક્કી કરવામાં આવેલો બજારભાવ તેના પર બંધનકર્તા રહેશે. ભાડાપટ્ટા આપનાર કોઈ વિસ્તાર માટે એવો બજારભાવ નક્કી કરવા માટે કોઈપણ રીતે બાધિત છે તેમ કહી શકાય નહીં, જે તેમાં આવેલા જમીનના તમામ પ્લોટોને લાગુ પડતો હોય. વૈધાનિક ભાડાપટ્ટામાં સમાવિષ્ટ જોગવાઈઓ મુજબ બજારભાવ નક્કી કરવાનો હોવાથી, ભાડાપટ્ટા આપનાર સંબંધિત વિસ્તાર માટે તે નિર્ધારિત કરવાથી અને તે રીતે પોતાના કોઈપણ અધિકારીઓની મનસ્વી કે ગેરવાજબી કાર્યવાહી અટકાવવાથી બાકાત નથી. સત્તામંડળ દ્વારા વિવિધ હેતુઓ માટે બજારભાવ નિર્ધારિત કરવામાં આવે છે. તેથી, અર્જિત વધારાની વસૂલાતના હેતુ માટે આવા બજારભાવનું નિર્ધારણ ડી.ડી.એ. અધિનિયમ અને તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમોથી પર છે તેમ કહી શકાય નહીં. ભાડાપટ્ટાના દસ્તાવેજ હેઠળ ભાડાપટ્ટા આપનારે બજારભાવ નિર્ધારિત કરવાનો હોય છે. તે વિસ્તારવાર અથવા પ્લોટવાર આ મુજબ કરી શકે છે. એકવાર તે વિસ્તારવાર તેમ કરે, જે આખરી અને બંધનકર્તા હોઈ, તે

પાછળના તબક્કે તેમાંથી ફરી જઈ શકે નહીં અને એવું વલણ અપનાવી શકે નહીં કે કોઈ ચોક્કસ કિસ્સામાં તે વેચાણ કરારમાં દર્શાવેલી કિંમતના આધારે બજારભાવ નક્કી કરશે. [૮૦૪–એ–ડી]

જવાજી નાગનાથમ વિરુદ્ધ રેવન્યુ ડિવિઝનલ ઓફિસર, આદિલાબાદ, એ.પી. અને અન્ય, (૧૯૯૪) ૪ એસસીસી ૫૯૫; લેન્ડ એક્વિઝિશન ઓફિસર, એલુરુ અને અન્ય વિરુદ્ધ જસ્તી રોહિણી (શ્રીમતી) અને અન્ય, (૧૯૯૫) ૧ એસસીસી ૭૧૭; સ્ટેટ ઓફ પંજાબ અને અન્ય વિરુદ્ધ મહાવીર સિંહ અને અન્ય, (૧૯૯૬) ૧ એસસીસી ૬૦૯ અને આર. સાંઈ ભારતી વિરુદ્ધ જે. જયલલિતા અને અન્ય, જેટી (૨૦૦૩) ૯ એસસી ૩૪૩ના ચુકાદાઓને અલગ તારવવામાં આવ્યા.

૨.૩. સહકારી મંડળીના સભ્ય દ્વારા બિન–સભ્યને પ્રશ્નવાળી જમીનોના વેચાણ, તબદીલી અને સોંપણી સંબંધિત દરેક વ્યવહાર વખતે અપીલકર્તા પેટા–ભાડાપટ્ટાના દસ્તાવેજની કલમ ૬(બી) લાગુ કરવા માટે હકદાર છે. આવા અનુગામી ખરીદનાર વ્યક્તિએ તે સહકારી મંડળીના સભ્ય બનવું ફરજિયાત રહેશે. તેથી, કેટલાક કિસ્સાઓને બાદ કરતાં જમીનનો બજારભાવ એકસરખો અથવા સમાન રહેશે તે હકીકતને ધ્યાનમાં રાખીને, ભાડાપટ્ટા આપનારે પોતાના દ્વારા વિકસિત કરવામાં આવેલા સમગ્ર વિસ્તાર માટે બજારભાવ નિર્ધારિત કર્યો હતો. પેટા–ભાડાપટ્ટાના દસ્તાવેજની કલમ ૬(બી) હેઠળ, મંડળીના સભ્યને કોઈપણ પ્રકારે પોતાનું હિત તબદીલ કરવા પર મનાઈ ફરમાવવામાં આવેલ છે.

કરારના અનુસંધાનમાં અથવા તેને આગળ ધપાવવા માટે પરિસરનો કબ્જો સોંપવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તારીખ ૨૮.૬.૧૯૯૯ ના પરિપત્ર પત્ર હેઠળ, ભાડાપટ્ટા આપનારની પરવાનગી મેળવવાની કોઈ જરૂર રહેતી નથી અને ૫૦% અર્જિત વધારો વસૂલ કરવાનો ભાડાપટ્ટા આપનારનો અધિકાર જતો કરવામાં આવ્યો છે. રૂપાંતરણ શુલ્કની ચુકવણી કરવા પર, મંડળીનો કોઈપણ સભ્ય ભાડાપટ્ટા આપનારની પૂર્વ સંમતિ મેળવ્યા વિના પણ જમીનમાં અથવા તેના પર બાંધવામાં આવેલી ઇમારતમાં પોતાનું હિત તબદીલ કરવા કે સોંપવા માટે હકદાર બનશે. આથી, સદર પરિપત્ર પત્રો કાયદેસર અને માન્ય છે. [૮૦૭–બી–સી; ૮૦૮–એ–સી]

૨.૪. રાજ્ય હોવાના કારણે અપીલકર્તાએ, ભાડુઆતને ખાલી કરાવવાની બાબતમાં પણ તમામ સંજોગોમાં ન્યાયી અને વાજબી રીતે વર્તવું આવશ્યક હતું. પરંતુ આ કામના સામાવાળાઓ પરિસ્થિતિનો ભોગ બનેલા છે. હાઇકોર્ટે સામાવાળાઓને પોતાનો દસ્તાવેજ નોંધણી કરાવી લેવા માટે તકો આપી હતી. તેઓ તેમ કરવાનો ઇનકાર કરી શક્યા હોત અને તેવા સંજોગોમાં તેમણે તે રકમ જમા કરાવવાની જરૂર ન રહેત. સામાવાળાઓએ એવી ધારણા રાખી ન હતી કે કેન્દ્ર સરકાર અન્ય કોઈ નીતિવિષયક નિર્ણય લાવશે, જે પેટા–ભાડાપટ્ટાધારક માટે વધુ ફાયદાકારક સાબિત થશે. તારીખ ૨૮.૬.૧૯૯૯ ના પરિપત્રને બહાર પાડવા જેવો આકસ્મિક સંજોગ તેમની કલ્પનામાં ન હતો. તેથી, સદર પરિપત્રને આપવામાં આવેલી ભાવિ અસરને ધ્યાનમાં રાખતાં, સામાવાળાઓ તેનો કોઈ લાભ મેળવી શકે નહીં. તદુપરાંત, તેમણે પોતાની રિટ પિટિશનમાં સુધારો કરવા

માટે કોઈ અરજી દાખલ કરી નથી. તેમણે માત્ર વધારાના આધારો રજૂ કર્યા છે. આ કોર્ટ ત્યાર પછીની ઘટનાઓને ધ્યાને લઈ શકે છે અને તે મુજબ રાહત ઘડી શકે છે, પરંતુ તે દાવાના નવા કારણ પર આધારિત નવી રાહતનું સ્થાન આપી શકે નહીં. [૮૧૨–એફ–એચ; ૮૧૩–એ–બી]

મેસર્સ દ્વારકાદાસ મારફતિયા એન્ડ સન્સ વિરુદ્ધ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ ઓફ ધ પોર્ટ ઓફ બોમ્બે, એઆઇઆર *(૧૯૮૯)* એસસી ૧૪૬૨, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૩. હાઇકોર્ટે ૧૮% વ્યાજની ચુકવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે, તે સમય પછીથી બેંકના વ્યાજના દરમાં નોંધપાત્ર અને ભારે ઘટાડો થયો છે. દાવો ચાલવા દરમિયાન તેમજ ભવિષ્યના સમય માટે વ્યાજ મંજૂર કરવું એ એક વિવેકાધીન ઉપાય છે. તેથી, અપીલ અદાલત આ વિવાદનો આખરી નિકાલ કરતી વખતે દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૩૪ માં સમાવિષ્ટ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને, હાઇકોર્ટ ધરાવે છે તેવી જ સત્તાનો ઉપયોગ કરી શકે છે. પુનઃસ્થાપનાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને વ્યાજનો યોગ્ય દર નક્કી કરવો પડી શકે છે. આ કેસના તથ્યો અને સંજોગોમાં, ૯% ના દરે વ્યાજ મંજૂર કરવાથી ન્યાયના ઉદ્દેશો પરિપૂર્ણ થશે. [૮૧૩–સી–ડી; ૮૧૫–ડી]

સાઉથ ઈસ્ટર્ન કોલફીલ્ડ્સ લિ. વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી. અને અન્ય, જેટી *(૨૦૦૩)* સપ્લી. ૨ એસસી ૪૪૩; કે. ટી. વેંકટગિરી અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક અને અન્ય, *(૨૦૦૩)* ૯ એસસીસી ૧ અને પ્યોર હિલિયમ

ઇન્ડિયા પ્રા. લિ. વિરુદ્ધ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન, (૨૦૦૩) ૮ સ્કેલ ૫૫૩, નો સંદર્ભ લેવામાં આવ્યો.

દીવાની અપીલીય હકુમત : દીવાની અપીલ નં. ૧૭૮૧ / ૨૦૦૦.

દિલ્હી હાઇકોર્ટના સી.ડબલ્યુ. નં. ૮૮૩ / ૧૯૯૫ માં તારીખ ૨૨.૧.૯૯ ના ચુકાદા અને હુકમ સામે.

સાથે

સી.એ. નં. ૧૭૮૨ / ૨૦૦૦.

પી.પી. રાવ, એ.એન. હક્સર, એસ. બાલકૃષ્ણન, કુમારી ઇન્દુ મલ્હોત્રા, કુમારી વી. દીપા, અરવિંદ કુમાર શર્મા, એસ.યુ.કે. સાગર, રાજીવ કે. વિરમાણી, કુમારી રશ્મિ વિરમાણી, એસ. પ્રસાદ અને એસ.એન. ઝા ઉપસ્થિત રહેલા પક્ષકારો તરફથી.

કોર્ટનો ચુકાદો નીચે મુજબ આપવામાં આવેલ :

ન્યાયમૂર્તિ એસ.બી. સિંહા : કાયદા અને હકીકતના સમાન પ્રશ્નો ધરાવતી આ અપીલોની એકસાથે સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને આ સંયુક્ત ચુકાદા દ્વારા તેમનો નિકાલ કરવામાં આવે છે.

પૃષ્ઠભૂમિના તથ્યો :

સ્વીકૃત હકીકતો એ છે કે : પ્રશ્નવાળી જમીનો નઝુલ જમીનો હોઈ, તે

દિલ્હી વિકાસ અધિનિયમ, ૧૯૫૭ ('અધિનિયમ') અને તે હેઠળ ઘડવામાં આવેલા દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડિસ્પોઝલ ઓફ ડેવલપ્ડ નઝુલ લેન્ડ) રૂલ્સ, ૧૯૮૧ ('રૂલ્સ') ની જોગવાઈઓ દ્વારા શાસિત થાય છે. 'અધિનિયમ' અને 'રૂલ્સ' ની જોગવાઈઓને અનુસરીને અથવા તેના અમલીકરણ અર્થે, અહીંના અપીલકર્તાએ ગવર્નમેન્ટ સર્વન્ટ્સ કોઓપરેટિવ હાઉસ બિલ્ડિંગ સોસાયટી લિમિટેડ તરીકે ઓળખાતી સહકારી મંડળીની તરફેણમાં ભાડાપટ્ટો મંજૂર કર્યો હતો, અને શ્રી મંગલ સિંહ મોંગા, શ્રી એન.આર. પિલ્લઈ તેમજ શ્રી સતીશ ચંદર મલ્હોત્રા સદરહુ સહકારી મંડળીના સભ્યો હતા. તેઓએ 'રૂલ્સ' ની જોગવાઈઓ અનુસાર પટ્ટાધારક તેમજ ભારતના રાષ્ટ્રપતિની તરફેણમાં પેટા–ભાડાપટ્ટાના દસ્તાવેજો નિષ્પાદિત કરવાના રહેતા હતા.

આ બાબતની તથ્યલક્ષી પૃષ્ઠભૂમિ દીવાની અપીલ નં. ૧૭૮૧ / ૨૦૦૦ માં સમાવિષ્ટ કેસ પરથી ધ્યાને લેવામાં આવી રહી છે.

તારીખ ૧૩.૧૨.૧૯૬૮ ના રોજ, વસંત વિહાર ખાતે ૧૫૬૮ ચોરસ વારના રહેણાંક પ્લોટના સંબંધમાં પ્રીમિયમ પેટે રૂ. ૧૭,૫૬૦ અને વિકાસ ખર્ચ પેટે રૂ. ૨૬,૬૫૬ ની ચુકવણી કરવા પર શ્રી મંગલ સિંહ મોંગાની તરફેણમાં એક વૈધાનિક પેટા–ભાડાપટ્ટો નિષ્પાદિત કરવામાં આવ્યો હતો. પેટા–ભાડાપટ્ટાના દસ્તાવેજની કલમ ૬ ની પેટા–કલમ (બી) સાથે જોડાયેલા પરંતુકની શરતો અનુસાર, પટ્ટા આપનાર મૂલ્યમાં થયેલા અર્જિત વધારાનો એક હિસ્સો એટલે કે "ચૂકવેલ પ્રીમિયમ અને વેચાણ સમયે રહેણાંક પ્લોટના બજારભાવ વચ્ચેનો

તફાવત" વસૂલ કરવા માટે હકદાર હતો. 'તે માટેના બજારભાવના સંબંધમાં પટ્ટા આપનારનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેવાનો હતો.

સદરહુ દસ્તાવેજની કલમ ૧૦(એ) ના કારણે, રાષ્ટ્રપતિએ પોતાની સત્તા દિલ્હીના ચીફ કમિશનરને સોંપી હતી, જેઓ હવે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર છે. સદરહુ મંગલ સિંહ મોંગાનું તારીખ ૧૩.૧૧.૧૯૮૩ ના રોજ અવસાન થયું હતું. આવી સોંપાયેલી સત્તાનો કથિત ઉપયોગ કરીને, દિલ્હી વહીવટીતંત્રે વેચાણ થતાં જમીનની કિંમતમાં થયેલા વધારાની વસૂલાતના હેતુસર તારીખ ૧.૪.૧૯૮૮ થી ૩૧.૩.૧૯૯૦, ૧.૪.૧૯૯૦ થી ૩૧.૩.૧૯૯૧ અને ૧.૪.૧૯૯૧ થી ૩૧.૩.૧૯૯૨ ના સમયગાળા માટે વિવિધ વિસ્તારોમાં આવેલી નઝુલ જમીનોનો બજારભાવ નક્કી કર્યો હતો, જે મુજબ વસંત વિહાર વિસ્તારમાં જમીનનો ભાવ પ્રતિ ચોરસ મીટર રૂ. ૧૦,૫૦૦ નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સર્વસ્વીકૃત રીતે, સદરહુ પરિપત્ર સંબંધિત અધિકારીઓને પાઠવવામાં આવ્યો હતો. જોકે ફાઇલમાં કેટલાક અધિકારીઓ દ્વારા એવી નોંધ કરવામાં આવી હોવાનું જણાય છે કે પક્ષકારો પાસેથી જમીનનો વાસ્તવિક બજારભાવ વસૂલ કરવો જોઈએ, પરંતુ તે સંબંધમાં કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો હોય તેવું જણાતું નથી. અહીંના સામાવાળા નં. ૧ એ મૂળ પેટા–ભાડાપટ્ટાધારકના વારસદાર હોવાના નાતે સામાવાળા નં. ૮ અને ૯ સાથે વેચાણ કરાર કર્યો હતો, જેમાં અવેજની રકમ રૂ. ૫,૦૦,૦૦,૦૦૦ દર્શાવવામાં આવી હતી. જોકે, પ્રસ્તાવિત ખરીદનાર સદરહુ રકમ અને અન્ય ખર્ચ ઉપરાંત અર્જિત વધારા પેટેની ૫૦% રકમ ભોગવવા માટે પણ સંમત થયા હતા. આવકવેરા ખાતાએ પણ તારીખ

૧૨.૫.૧૯૯૪ ના રોજ અથવા તે આસપાસ પ્રશ્નવાળા પ્લોટના સંબંધમાં રૂ. ૫,૦૦,૦૦,૦૦૦ નો અવેજ દર્શાવતું ના–વાંધા પ્રમાણપત્ર આપ્યું હતું. ત્યારબાદ અહીંના સામાવાળા નં. ૧ એ તારીખ ૨૩.૫.૧૯૯૪ ના રોજ અથવા તે આસપાસ બાંધકામ ખર્ચ અને પ્લોટની કિંમત રૂ. ૫,૦૦,૦૦,૦૦૦ દર્શાવીને ભાડાપટ્ટાની મિલકતના વેચાણ માટે અપીલકર્તાના સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી દાખલ કરી હતી.

જોકે ભારત સરકારે જમીનની વેચાણ કિંમતમાં કોઈ વધારો લાદ્યા વિના, તારીખ ૧૧.૧૧.૧૯૯૪ ના એક પરિપત્ર પત્ર દ્વારા તારીખ ૩૧.૩.૧૯૯૨ સુધી અમલમાં રહેલા જમીનના દરોની માન્યતા તારીખ ૧.૪.૧૯૯૪ થી ૩૧.૩.૧૯૯૬ સુધીના વધુ સમયગાળા માટે લંબાવી હતી. તેમ છતાં અહીંના અપીલકર્તાએ એવા આધાર પર કાર્યવાહી કરી કે ખરીદનાર રૂ. ૫,૦૦,૦૦,૦૦૦ નો અવેજ ચૂકવવા અને વધુમાં અર્જિત વધારાના તફાવતનો ખર્ચ ભોગવવા સંમત થયા હતા તે હકીકતને ધ્યાને લેતાં જમીનનો બજારભાવ રૂ. ૭,૫૦,૦૦,૦૦૦ થાય છે, અને તે આધાર પર તારીખ ૨૨.૨.૧૯૯૫ ના માંગણી પત્ર દ્વારા પરવાનગી આપવાની શરત તરીકે રૂ. ૩,૬૨,૪૪,૪૨૦ ની રકમની માંગણી કરી હતી. આવી રકમ સાઠ દિવસના સમયગાળાની અંદર ચૂકવવાની રહેતી હતી.

ત્યારબાદ સામાવાળાઓએ તારીખ ૨૨.૨.૧૯૯૫ ના રોજનું સદરહું માંગણી પત્રક પડકારતાં દિલ્હી હાઇકોર્ટ સમક્ષ રિટ અરજીઓ દાખલ કરી હતી.

જોકે, ઉપરોક્ત કાર્યવાહીઓની પડતર મુદત દરમિયાન, ડી.ડી.એ. દ્વારા એવો કથિત ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે જો વેચાણ કરારમાં અથવા, જે તે સંજોગો અનુસાર, આવકવેરા ક્લિયરન્સ પ્રમાણપત્રમાં દર્શાવેલ વેચાણ અવેજ ડી.ડી.એ.ના ફ્લોર લેવલ દર કરતાં વધુ હોય, તો અર્જિત વધારાની ગણતરી તે વેચાણ અવેજના આધારે થવી જોઈએ.

<u>હાઇકોર્ટનો ચુકાદો :</u>

હાઇકોર્ટે તેના વાદગ્રસ્ત ચુકાદામાં લેફ્ટનન્ટ ગવર્નર તેમજ ભારત સંઘ દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર પત્રોનો સંદર્ભ ટાંકીને અને સમાન સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ પાસેથી આવા પરિપત્ર પત્રોના આધારે કિંમતના વધારાનો માત્ર તફાવત જ માંગવામાં આવ્યો હતો તે હકીકતની નોંધ લઈને, નીચે મુજબના નિર્દેશો આપતાં રિટ અરજી મંજૂર કરી હતી :

"અમારો એવો મત છે કે આ રિટ અરજીઓમાં માંગણીઓ જારી કરવાની ડી.ડી.એ. પાસે કોઈ સત્તા ન હતી. તદનુસાર, રિટ અરજીઓ મંજૂર કરવામાં આવે છે અને નીચે મુજબના નિર્દેશો જારી કરવામાં આવે છે :

ડી.ડી.એ. તારીખ ૨૪.૬.૧૯૯૨ ના હુકમના આધારે આ ત્રણેય રિટ અરજીઓના અરજદારોને નવી માંગણી જારી કરશે.

જો વાદગ્રસ્ત માંગણીના આધારે કોઈ રકમ ચૂકવવામાં આવી હોય, તો દિલ્હી વહીવટીતંત્ર દ્વારા ૨૪ જૂન, ૧૯૯૨ ના રોજ જારી કરવામાં આવેલ અને

૧૧ ઓગસ્ટ, ૧૯૯૨ ના રોજ ડી.ડી.એ. દ્વારા સ્વીકારવામાં આવેલ જમીનના બજારભાવ નિર્ધારણ અનુસાર ગણતરી કરાયેલી રકમ પૈકી માત્ર તેટલા હિસ્સાનો જ વિનિયોગ કરવા માટે ડી.ડી.એ. હકદાર રહેશે અને બાકીની રકમ સંબંધિત અરજદાર દ્વારા ચૂકવણી કરાયાની તારીખથી વાર્ષિક ૧૮% ના દરે વ્યાજ સહિત પરત ચૂકવશે."

ડિવિઝન બેન્ચે તેના વાદગ્રસ્ત ચુકાદામાં, અન્ય બાબતોની સાથે, સી.ડબલ્યુ. નં. ૩૫૦/૧૯૯૫ વાળી રિટ અરજીમાં અહીંના અપીલકર્તાના સત્તાવાળાઓ દ્વારા પસાર કરવામાં આવેલા વિવિધ હુકમોની નોંધ લીધી હતી, જેમાં એવી નોંધ કરવામાં આવી હતી કે "એવું વધુમાં જણાવવામાં આવે છે કે ૫૦% અર્જિત વધારાની ગણતરી પણ પ્રતિ ચોરસ મીટર રૂ. ૫,૪૦૦/– ના બજાર મૂલ્ય/દરના આધારે કરવામાં આવી હતી, જે ભારત સરકાર દ્વારા તારીખ ૧.૬.૧૯૮૭ ના પત્ર દ્વારા અધિસૂચિત કરાયેલ દર હતો અને સદરહું દરો ૧૦૦ એફ.એ.આર. માટે ધ્યાને લેવાયા હતા અને કુલ એફ.એ.આર. ૮૨૪ ચોરસ મીટર હોવાથી, ૫૦% અર્જિત વધારાની રકમ રૂ. ૧૫,૦૪,૩૦૦/– ગણવામાં આવી હતી".

પંચશીલા સી.એચ.બી.એસ. લિ.ના પ્લોટ નં. એસ–૨૩ ને લગતા અન્ય એક કેસમાં, અપીલકર્તાના સત્તાવાળાઓ દ્વારા એવી નોંધ કરવામાં આવી હતી કે :

" ... તે દરોના આધારે, એટલે કે પ્રતિ ચોરસ મીટર રૂ. ૧૫,૧૨૦/– ના

આધારે, ૫૦% અર્જિત વધારો રૂ. ૪૮,૫૪,૭૬૪.૦૦ થાય છે. ઉપર જણાવ્યા મુજબ, આ બીજું વેચાણ છે, પરંતુ પ્રથમ વેચાણની પરવાનગી વખતે જમા કરાવવામાં આવેલ ૫૦% અર્જિત વધારો બીજા વેચાણ માટે હાલમાં ગણતરી કરાયેલા ૫૦% અર્જિત વધારાની રકમમાંથી બાદ કરવામાં આવ્યો નથી, કારણ કે, અગાઉ ચૂકવાયેલ અર્જિત વધારાને બાદ કરવા અંગેની બાબત સત્તામંડળ દ્વારા મંજૂર કરવામાં આવી હોવા છતાં, આ મુદ્દો મંત્રાલયની વિચારણા હેઠળ છે. આ સંબંધમાં મંત્રાલયની મંજૂરી કે અન્ય કોઈ નિર્ણય હજુ સુધી પ્રાપ્ત થયેલ નથી. જો મંજૂરી મળે, તો આ રકમ અપીલકર્તાને જણાવી શકાશે. વધુમાં, તેમને એવું પણ જણાવી શકાય છે કે દિલ્હી વહીવટીતંત્ર પાસેથી વર્ષ ૯૩–૯૪ ના સમયગાળાના દરો પ્રાપ્ત થવા પર આ માંગણી કામચલાઉ ધોરણે સુધારણાને આધીન રહેશે. આ માટે, સંચાલન મંડળને વસિયતનામાના લાભાર્થી પાસેથી સોગંદનામું મેળવવા જણાવવામાં આવશે."

ડી.ડી.એ. દ્વારા અપનાવવામાં આવેલી પ્રથા પર આધાર રાખીને અથવા તેના આધારે તેમજ દિલ્હી વહીવટીતંત્ર અને ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ તારીખ ૨૪.૬.૧૯૯૨ ના હુકમો તથા તારીખ ૨૮.૧૧.૧૯૯૫ ના ઠરાવને ધ્યાને રાખીને, એવું ઠેરવવામાં આવ્યું હતું કે :

"એ કહેવા માટે કોઈ દલીલની જરૂર નથી કે ડી.ડી.એ. આ શરતથી સારી રીતે વાકેફ હતી અને તેણે દિલ્હી વહીવટીતંત્ર દ્વારા ૨૪ જૂન, ૧૯૯૨ ના રોજ જારી કરવામાં આવેલા હુકમના આધારે તારીખ ૧૧.૮.૯૨ નો હુકમ જારી કર્યો

હતો. આ જોતાં, શાશ્વત પેટા–ભાડાપટ્ટા દસ્તાવેજની શરત (૬) ના અર્થ મુજબનું બજાર મૂલ્ય એ વેચાણ કરારમાં જણાવ્યા મુજબનું હોઈ શકે છે, તેવો પક્ષ રજૂ કરવાનો ડી.ડી.એ. પાસે કોઈ અધિકાર રહેતો નથી."

ત્યારબાદની ઘટનાઓ :

જ્યારે આ બાબત વિવિધ ડિવિઝન બેન્ચો સમક્ષ સુનાવણી માટે હાથ પર લેવામાં આવી હતી, ત્યારે અહીંના સામાવાળાઓએ આ કોર્ટના ધ્યાને એક ચોક્કસ ત્યારબાદની ઘટના લાવવા પ્રયાસ કર્યો હતો, અર્થાત્ તારીખ ૨૮.૬.૧૯૯૯ ના પરિપત્ર પત્ર દ્વારા એક કથિત નીતિ અપનાવવી કે જેને કથિત રીતે ભવિષ્યલક્ષી અસર આપવામાં આવી હતી અને જેની શરતો મુજબ ભાડાપટ્ટાને ફ્રીહોલ્ડમાં રૂપાંતરિત કરવાનો આશય હતો. સદરહું યોજનાનો સંબંધિત ભાગ નીચે મુજબ વંચાય છે :

"૧. યોજનાનો વ્યાપ : (૧) ફ્રીહોલ્ડ રૂપાંતરણની પ્રવર્તમાન યોજના કદને ધ્યાને લીધા વિના તમામ રહેણાંક ભાડાપટ્ટા હેઠળની બાંધકામવાળી મિલકતો સુધી લંબાવવામાં આવે છે. તે મુજબ, અમલમાં રહેલા માસ્ટર પ્લાન/ઝોનલ ડેવલપમેન્ટ પ્લાનમાં જે જમીન માટે નિર્ધારિત જમીન વપરાશ રહેણાંક હોય તેવી જમીન પર સ્થિત ભાડાપટ્ટાની મિલકતો, કદને ધ્યાનમાં લીધા વિના, આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

(૨) આ યોજના પ્રીમિયમ મુક્ત ભાડાપટ્ટાઓને પણ લાગુ થશે એટલે કે

એવા ભાડાપટ્ટા કે જ્યાં ભાડાપટ્ટાઓનું વહીવટ કરતી સંસ્થાઓ દ્વારા પ્રીમિયમ વસૂલવામાં આવ્યું નથી.

૨. રૂપાંતરણ ફીની ગણતરી:

(૧) ૫૦૦ ચોરસ મીટર સુધીનું જમીન ક્ષેત્રફળ ધરાવતી મિલકતોના સંબંધમાં, મંત્રાલયના તારીખ ૧૪.૨.૧૯૯૨ ના પત્ર મારફતે પરિપત્રિત અગાઉથી મંજૂર કરાયેલ ક્રમિક માપદંડ અને એનેક્ષરમાં દર્શાવ્યા મુજબ તારીખ ૧.૪.૧૯૮૭ થી લાગુ થતાં જમીન દરોના આધારે રૂપાંતરણ ફી વસૂલ કરવામાં આવશે.

(૨) ૫૦૦ ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતી મિલકતોના સંબંધમાં, એનેક્ષર મુજબના સ્લેબ દરો અને તારીખ ૧.૪.૧૯૮૭ થી લાગુ થતાં જમીન દરોના આધારે રૂપાંતરણ ફી વસૂલ કરવામાં આવશે.

(૩) પ્રીમિયમ મુક્ત ભાડાપટ્ટાઓના સંબંધમાં, અન્ય ભાડાપટ્ટાઓને લાગુ પડતા ક્રમિક ધોરણે, સરકાર દ્વારા વખતોવખત અધિસૂચિત પ્રવર્તમાન જમીન દરોના આધારે રૂપાંતરણ ફી ગણતરીપાત્ર રહેશે."

તે બાબત વિવાદમાં નથી કે એક રાજીવ ગુપ્તાએ પણ શ્રીમતી કૌશલ્યા રાની ભુસરી દ્વારા નિષ્પાદિત પાવર ઓફ એટર્નીના આધારે સમાન કારણોસર હાઇકોર્ટ સમક્ષ રિટ અરજી દાખલ કરી હતી. જે.એસ. ના કેસમાં

મોંગા, અબ્દુલ રસૂલ વીરજી તેમજ રાજીવ ગુપ્તાના કેસમાં હાઇકોર્ટે

ડી.ડી.એ. દ્વારા માંગવામાં આવેલી સમગ્ર રકમ/ભાગની રકમ જમા કરાવવાનો તેઓને નિર્દેશ આપતો વચગાળાનો હુકમ કર્યો હતો; જોકે, રાજીવ ગુપ્તાએ સદરહુ રકમ ચૂકવી ન હતી અને તેથી કોઈ વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કરવામાં આવ્યો ન હતો. જોકે, આ કામના સામાવાળાઓએ હાઇકોર્ટના નિર્દેશોનું પાલન કર્યું હતું.

સદરહુ યોજનાની જોગવાઈ (૩) પર આધાર રાખતાં, જે નીચે મુજબની અસર ધરાવે છે :

૩. "વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ હુકમો ભવિષ્યવર્તી અસર ધરાવશે અને અગાઉથી નિર્ણય લેવાઈ ચૂકેલા કેસોને ફરીથી ખોલવામાં આવશે નહીં.

નોંધ : પડતર અરજીઓના સંબંધમાં, જ્યાં કન્વેયન્સ ડીડ હજુ નિષ્પાદિત/નોંધણી કરવાના બાકી છે, ત્યાં આ સૂચનાઓના કારણે ચૂકવવામાં આવેલી રૂપાંતરણ ફીનું રિફંડ, જો કોઈ હોય તો, આપવાની મંજૂરી આપવી જોઈએ.

૪. આ નાણા વિભાગના યુ.ઓ. ક્રમાંકની મંજૂરી સાથે જારી કરવામાં આવે છે.

૧૦૬૬–એફ તારીખ ૨૧.૬.૯૯."

રાજીવ ગુપ્તાને માત્ર રૂપાંતરણ શુલ્ક ચૂકવીને, એટલે કે અર્જિત વધારાના ૫૦% પણ ચૂકવ્યા વિના, ઉપરોક્ત દસ્તાવેજ નિષ્પાદિત કરવાની પરવાનગી

આપવામાં આવી હતી. તે બાબત નિર્વિવાદ છે કે ડી.ડી.એ. વિરુદ્ધ રાજીવ ગુપ્તા શીર્ષકવાળી દીવાની અપીલ ક્રમાંક ૧૭૮૩/૨૦૦૦ નો તારીખ ૩૦.૪.૨૦૦૩ ના રોજ એક હસ્તાક્ષરિત હુકમ દ્વારા નિકાલ કરવામાં આવ્યો હતો, કારણ કે આ કેસ ભાડાપટ્ટામાંથી મુક્ત માલિકીમાં રૂપાંતરણની નીતિ હેઠળ આવરી લેવાયેલો હોવાનું જણાવાયું હતું અને સમાધાન માટેની ડી.ડી.એ. ની દરખાસ્તની નોંધ લેવામાં આવી હતી. ત્યારબાદ આ કામના સામાવાળાઓએ અન્ય બાબતોની સાથે એવા કારણોસર વધારાના મુદ્દાઓ ઉપસ્થિત કરવા માટે અરજી દાખલ કરી હતી કે, દિલ્હી હાઇકોર્ટ દ્વારા રિટ અરજીમાં પસાર કરવામાં આવેલ વચગાળાના હુકમને ધ્યાને લેતાં, તેના અનુસંધાનમાં અથવા તેના અમલ રૂપે તેઓ દ્વારા વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત કરવામાં આવ્યો હોવાથી તેઓ પણ રાજીવ ગુપ્તાની જેમ જ સમાન વર્તન મેળવવા હકદાર હતા. અપીલકર્તા દ્વારા સદરહુ અરજી સામે અન્ય બાબતોની સાથે એવા આધાર પર વાંધો દાખલ કરવામાં આવ્યો હતો કે આ અપીલો દાખલ કરવા તરફ દોરી જતી રિટ અરજીની વિષયવસ્તુને તારીખ ૨૮.૬.૧૯૯૯ ની ઉપરોક્ત યોજના સાથે કોઈ સંબંધ નથી.

રજૂઆતો: અપીલકર્તા વતી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી પી.પી. રાવે અન્ય બાબતોની સાથે એવી રજૂઆત કરી હતી કે: (૧) વૈધાનિક પેટા–ભાડાપટ્ટામાં રહેણાંક પ્લોટના બજારમૂલ્યનો સંદર્ભ આપવામાં આવેલ હોવાથી, પરિપત્ર પત્રો તેના પર અગ્રતા ધરાવી શકે નહીં અને તેથી, તે ગેરકાયદેસર છે. આ સંબંધમાં સંત રામ શર્મા વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન અને અન્ય, [૧૯૬૮] ૧ એસસીઆર ૧૧૧ તેમજ સ્ટેટ ઓફ એમ.પી. અને અન્ય વગેરે વિરુદ્ધ

જી.એસ. દાલ એન્ડ ફ્લોર મિલ્સ વગેરે, [૧૯૯૨] સપ્લી. ૧ એસસીસી ૧૫૦ ના કેસ પર ખૂબ દ્રઢ આધાર રાખવામાં આવ્યો છે. (૨) જુદી જુદી ફાઇલોમાં કરવામાં આવેલી નોંધો દર્શાવે છે કે ત્રણ પૈકીના એક કેસને બાદ કરતાં, અન્ય કેસોમાં પ્રવર્તતી હકીકતલક્ષી પરિસ્થિતિ અલગ હતી. (૩) તારીખ ૨૪.૬.૧૯૯૨ નો પરિપત્ર પત્ર અગાઉના સમયગાળા માટે વિસ્તારવાર બજાર દરો દર્શાવતો હોવાથી, બજાર દરોનું નિર્ધારણ ભૂતલક્ષી હતું અને ભવિષ્યવર્તી ન હતું. (૪) આવો પરિપત્ર પત્ર કોઈ પણ સંજોગોમાં ઉપરાજ્યપાલ દ્વારા જારી કરવામાં આવ્યો ન હોવાના કારણે ગેરકાયદેસર હતો. (૫) તારીખ ૨૮.૧૧.૧૯૯૫ નો ઠરાવ ક્રમાંક ૯૮/૧૯૯૫ પડતર કેસોને લાગુ પડતો હોવાથી, તેને અસર ન આપીને હાઇકોર્ટે સ્પષ્ટ ભૂલ કરી હતી અને કોઈ પણ સંજોગોમાં, કાયદા વિરુદ્ધ કોઈ પ્રતિબંધ હોતો ન હોવાથી પ્રતિબંધના સિદ્ધાંતને લાગુ કરીને સદરહુ પરિપત્રના આધારે થયેલા કોઈપણ ભૂતકાળના વ્યવહારને હાઇકોર્ટ દ્વારા નિર્ણયનો આધાર બનાવી શકાયો ન હોત. (૬) કોઈ પણ સંજોગોમાં, માત્ર અન્ય કેસોમાં ભૂલ થઈ હોવાના કારણે જ સામાવાળાઓ તેના આધારે કોઈ લાભ મેળવવા માટે હકદાર બનતા નથી, કારણ કે આવા સંજોગોમાં અનુચ્છેદ ૧૪ લાગુ પડી શકે નહીં. (૭) સામાવાળાઓની માંગણી પર હાઇકોર્ટ દ્વારા વચગાળાનો હુકમ પસાર કરવામાં આવ્યો હતો જેના દ્વારા અને જેના હેઠળ જો તેઓ વેચાણ દસ્તાવેજ નિષ્પાદિત અને નોંધણી કરાવવા માંગતા હોય તો રકમ જમા કરાવવાનો વિકલ્પ તેઓને આપવામાં આવ્યો હતો, ત્યારે સામાવાળાઓ દ્વારા તે વિકલ્પનો ઉપયોગ કરીને દસ્તાવેજનું નિષ્પાદન અને

નોંધણી કરાવી લેવાયા બાદ, જેને ભવિષ્યવર્તી અસર આપવામાં આવી છે તેવા ત્યારબાદના નીતિવિષયક નિર્ણયનો કોઈ અમલ થઈ શકે નહીં.

બીજી તરફ, સામાવાળાઓ વતી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એ.એન. હક્સરે એવી રજૂઆત કરી હતી કે: (૧) પડતર કેસો તેમજ રાજીવ ગુપ્તાના કેસની વાસ્તવિક હકીકત સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ સમાન સ્થિતિમાં હતા અને તેથી આ કામના સામાવાળાઓ સાથે રાજીવ ગુપ્તા કરતાં ભિન્ન વ્યવહાર કરી શકાય નહીં.

(૨) કેન્દ્ર સરકાર અથવા દિલ્હી વહીવટીતંત્ર દ્વારા નિર્ધારિત બજારમૂલ્ય એ બજારમૂલ્યનો જ ઉલ્લેખ કરે છે અને તેમાં એવું ક્યાંય કહેવામાં આવ્યું નથી કે તેના દ્વારા કોઈ ચોક્કસ માપદંડ પૂરો પાડવામાં આવ્યો છે. (૩) અપીલકર્તા વતી અહીં આગળ રજૂ કરવામાં આવેલી દલીલો હાઇકોર્ટ સમક્ષ ઉપસ્થિત કરવામાં આવી ન હતી કે પ્રત્યુત્તર સોગંદનામામાં તેનો કોઈ ઉલ્લેખ પણ કરવામાં આવ્યો ન હતો. (૪) દિલ્હી વહીવટીતંત્ર તરફથી થયેલી કોઈપણ ભૂલ અંગે ક્યારેય કોઈ દાવો કરવામાં આવ્યો ન હતો કે કોઈ દલીલ પણ કરવામાં આવી ન હતી.

(૫) પ્રવર્તમાન નીતિવિષયક નિર્ણય અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવા માટે સામાવાળાઓને ત્રણ તકો આપવામાં આવી હોવા છતાં તેઓ તેમ કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી અને/અથવા તેની ઉપેક્ષા કરી હોવાથી, આ કોર્ટ સમક્ષ અસમાનતાની દલીલ ઉપસ્થિત કરવાનો અધિકાર તેમને મળતો નથી. (૬)

ભાડાપટ્ટામાંથી મુક્ત માલિકીમાં રૂપાંતરણ માટે ફાઇલ કરવાના જરૂરી અરજીપત્રકમાં પણ અર્જિત વધારો વસૂલાતપાત્ર રહેશે તેમ જણાવવામાં આવ્યું હોવા છતાં, માત્ર હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલા વચગાળાના હુકમના અનુસંધાનમાં સામાવાળાઓ દ્વારા વેચાણ દસ્તાવેજો નિષ્પાદિત કરવામાં આવ્યા હોવાના માત્ર કારણસર, સામાવાળાઓના કેસમાંથી તે વસૂલ કરી શકાય નહીં. (૭) હાઇકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા વચગાળાના હુકમનું એ રીતે અર્થઘટન કરવું જોઇએ કે જેથી પડતર અપીલો પર તેની અસર રહે. શું આ બંને કેસો રાજીવ ગુપ્તાના કેસ સમાન છે:

નીચે દર્શાવેલ વિગતવાર કોષ્ટક સ્પષ્ટપણે દર્શાવશે કે જે.એસ. મોંગા અને શ્રી અબ્દુલ રસૂલ વીરજીના કેસો રાજીવ ગુપ્તાના કેસની સમાન સ્થિતિમાં રહેલા છે :

ઉપરોક્ત કોષ્ટક પરથી એ બાબત જણાઈ આવે છે કે માત્ર રાજીવ ગુપ્તાની અરજી જ સમકાલીન ન હતી, પરંતુ અન્ય તમામ સંબંધિત હકીકતો પણ લગભગ સમાન છે. રાજીવ ગુપ્તાએ રૂ. ૪,૧૩,૦૦,૦૦૦ ની રકમ ચૂકવવાની હતી, જ્યારે કે જે.એસ. મોંગા અને અબ્દુલ રસૂલ વીરજીએ હાઇકોર્ટ દ્વારા પસાર કરાયેલા વચગાળાના હુકમ અનુસાર અનુક્રમે રૂ. ૩,૬૨,૪૪,૪૨૦ અને રૂ.

૨,૨૩,૩૪,૭૨૫ ની રકમ ચૂકવવાની હતી. જ્યારે જે.એસ. મોંગાએ માગ્યા મુજબની સમગ્ર રકમ જમા કરાવી હતી, ત્યારે અબ્દુલ રસૂલ વીરજીએ હાઇકોર્ટના નિર્દેશો મુજબ રૂ. ૧,૪૯,૭૨,૨૨૫ ની રકમ જમા કરાવી હતી. તેથી, સામાવાળાઓ વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલશ્રીની એ દલીલમા કેટલુંક તથ્ય હોવાનું માનવું જ રહ્યું કે જ્યાં રાજીવ ગુપ્તાને ભાડાપટ્ટામાંથી ફ્રી–હોલ્ડમાં રૂપાંતરણની કથિત નવી નીતિનો લાભ પ્રાપ્ત થયો છે, ત્યાં અત્રેના સામાવાળાઓ પોતાના કોઈ વાંક–ગુના વગર તેનાથી વંચિત રહી ગયા હતા.

વૈધાનિક જોગવાઈઓ: ડી.ડી.એ. અધિનિયમની કલમ ૨૨ નીચે પ્રમાણે વંચાય છે :

"૨૨. નઝુલ જમીનો

(૧) xxx xxx xxx

(૨) xxx xxx xxx

(૩) સત્તામંડળ દ્વારા, અથવા તેના નિયંત્રણ અને દેખરેખ હેઠળ આવી કોઈપણ નઝુલ જમીનનો વિકાસ કરવામાં આવ્યા પછી, સત્તામંડળ દ્વારા આ સંબંધમાં કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા નિયમો અને આપવામાં આવેલા નિર્દેશો અનુસાર તેનો નિકાલ અથવા વ્યવહાર કરવામાં આવશે." અધિનિયમની કલમ ૫૬ નીચે મુજબ વંચાય છે : "૫૬ નિયમો બનાવવાની સત્તા (૧) કેન્દ્ર સરકાર, સત્તામંડળ સાથે પરામર્શ કર્યા પછી, સત્તાવાર ગેઝેટમાં

જાહેરનામા દ્વારા, આ અધિનિયમના હેતુઓને પાર પાડવા માટે નિયમો બનાવી શકશે :

પરંતુ શરત એ છે કે આ કલમ હેઠળ પ્રથમ પ્રસંગે નિયમો બનાવતી વખતે સત્તામંડળ સાથે પરામર્શ કરવો જરૂરી રહેશે નહીં, પરંતુ નિયમો બન્યા પછી તેમાં સુધારો કરવાના સંબંધમાં સત્તામંડળ દ્વારા કરવામાં આવતા કોઈપણ સૂચનોને કેન્દ્ર સરકારે ધ્યાનમાં લેવાના રહેશે.

(૨) વિશેષ રૂપે અને ઉપરોક્ત સત્તાની સામાન્યતાને બાધ આવ્યા વિના, આવા નિયમો નીચે દર્શાવેલી તમામ અથવા કોઈપણ બાબતો માટે જોગવાઈ કરી શકે છે, એટલે કે– "

દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડિસ્પોઝલ ઓફ ડેવલપ્ડ નઝુલ લેન્ડ) રૂલ્સ, ૧૯૬૧ ના નિયમ ૨૩ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી છે :

"૨૩. સહકારી મંડળીઓ અને તેમના સભ્યો વચ્ચેના કરારો. – જ્યાં સહકારી મંડળીને નઝુલ જમીન ફાળવવામાં આવી હોય, ત્યાં મંડળીના જે સભ્યોને આવી મંડળી દ્વારા પ્લોટ અથવા ફ્લેટ ફાળવવામાં આવ્યો હોય તેઓએ તેમને ફાળવેલ દરેક પ્લોટ અથવા ફ્લેટના સંબંધમાં મંડળીની તરફેણમાં પેટા–ભાડાપટ્ટો નિષ્પાદિત કરવાનો રહેશે. આવા પેટા–ભાડાપટ્ટાના નિયમો અને શરતો, સંજોગો પરવાનગી આપે તેટલી મહત્તમ હદે, આ નિયમો સાથે જોડેલા ફોર્મ 'એ' અને ફોર્મ 'બી' અનુસાર રહેશે. આ ઉપરાંત, ચોક્કસ પેટા–ભાડાપટ્ટાના સ્વરૂપને ધ્યાનમાં રાખીને મંડળી દ્વારા જરૂરી અને યોગ્ય ગણવામાં

આવે તેવી અને ફોર્મ 'એ' અથવા ફોર્મ 'બી' ની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી કબૂલાતો, કલમો અથવા શરતો આવા પેટા–ભાડાપટ્ટામાં સમાવી શકાશે."

પેટા–ભાડાપટ્ટો ફોર્મ 'બી' માં મંજૂર કરવામાં આવે છે. કાયમી પેટા–ભાડાપટ્ટાની શરત (૬) ની પેટા–શરતો (એ) અને (બી) નીચે મુજબ વંચાય છે :

"(એ) પેટા–ભાડેદાર ભાડાપટ્ટેદારના સભ્ય ન હોય તેવી કોઈપણ વ્યક્તિને કોઈપણ સ્વરૂપે અથવા રીતે, બેનામી અથવા અન્યથા, સમગ્ર રહેણાંક પ્લોટ કે તેના કોઈપણ ભાગનું વેચાણ, તબદીલી, સોંપણી કરશે નહીં અથવા અન્યથા તેનો કબજો છોડશે નહીં.

(બી) ભાડાપટ્ટા આપનારની અગાઉથી મેળવેલી લેખિત સંમતિ સિવાય પેટા–ભાડેદાર ભાડાપટ્ટેદારના અન્ય કોઈપણ સભ્યને સમગ્ર રહેણાંક પ્લોટ અથવા તેના કોઈપણ ભાગનું વેચાણ, તબદીલી, સોંપણી કરશે નહીં અથવા અન્યથા તેનો કબજો છોડશે નહીં, અને આવી સંમતિ આપવાનો ઇનકાર કરવાનો ભાડાપટ્ટા આપનારને પોતાના સંપૂર્ણ વિવેકાધિકાર હેઠળ અધિકાર રહેશે.

પરંતુ શરત એ છે કે લેફ્ટનન્ટ ગવર્નર જમીન પુનઃ પ્રાપ્ત કરવાનો અધિકાર અનામત રાખે છે, ભાડાપટ્ટા આપનાર પોતાને યોગ્ય લાગે તેવી શરતો અને નિયમો લાદી શકશે અને વેચાણ, તબદીલી, સોંપણી અથવા કબજો છોડતી

વખતે રહેણાંક પ્લોટના મૂલ્યમાં થયેલા અર્જિત વધારાનો એક ભાગ (એટલે કે ચૂકવેલ પ્રીમિયમ અને બજાર કિંમત વચ્ચેનો તફાવત) માગવાનો અને વસૂલ કરવાનો ભાડાપટ્ટા આપનારને હક રહેશે, જેમાં વસૂલ કરવાની રકમ અર્જિત વધારાના પચાસ ટકા જેટલી રહેશે અને બજાર કિંમતના સંબંધમાં ભાડાપટ્ટા આપનારનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે :

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવે છે કે ઉપરોક્ત જણાવ્યા મુજબ અર્જિત વધારાના પચાસ ટકા બાદ કર્યા પછી ભાડાપટ્ટો આપનારને મિલકત ખરીદવાનો અગ્રક્રય અધિકાર રહેશે."

પેટા–ભાડાપટ્ટાની કલમો ૧૦(એ) અને (બી) નીચે મુજબ વંચાય છે :

"૧૦. (એ) આ પેટા–ભાડાપટ્ટા હેઠળ ભાડાપટ્ટો આપનાર દ્વારા વાપરી શકાય તેવી તમામ સત્તાઓ લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા વાપરી શકાશે, તેમજ ભાડાપટ્ટો આપનાર આ પેટા–ભાડાપટ્ટા હેઠળ પોતાના દ્વારા વાપરી શકાય તેવી તમામ અથવા કોઈપણ સત્તાઓ વાપરવા માટે અન્ય કોઈપણ અધિકારી અથવા અધિકારીઓને પણ અધિકૃત કરી શકે છે"

(બી) ઉપરોક્ત પેટા–કલમ (એ) ના આધારે પોતાના દ્વારા વાપરી શકાય તેવી ભાડાપટ્ટો આપનારની સત્તાઓ સિવાય, આ પેટા–ભાડાપટ્ટા હેઠળ પોતે વાપરવા માટે સશક્ત હોય તેવી તમામ અથવા કોઈપણ સત્તાઓ વાપરવા માટે લેફ્ટનન્ટ ગવર્નર કોઈપણ અધિકારી અથવા અધિકારીઓને અધિકૃત કરી શકે છે."

પેટા–ભાડાપટ્ટાની કલમ ૧૧ નીચે મુજબ વંચાય છે :

"આ પેટા–ભાડાપટ્ટામાં, "લેફ્ટનન્ટ ગવર્નર" શબ્દપ્રયોગનો અર્થ તે સમયના દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર થાય અથવા, જો તેમના હોદ્દાનું નામ બદલાય અથવા તેમનું પદ નાબૂદ થાય તેવા સંજોગોમાં, તે સમય માટે અન્ય કાર્યો ઉપરાંત કે તે સિવાય જેમને લેફ્ટનન્ટ

ગવર્નરની કામગીરી સોંપવામાં આવી હોય તેવા અધિકારી થાય, પછી ભલે તેવા અધિકારીને ગમે તે હોદ્દાથી બોલાવવામાં આવતા હોય.

ઉક્ત શબ્દપ્રયોગમાં આ પેટા–ભાડાપટ્ટા હેઠળ લેફ્ટનન્ટ ગવર્નરના કાર્યો બજાવવા માટે ભાડાપટ્ટો આપનાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અધિકારીનો પણ સમાવેશ થશે.

" પરિપત્રોની અસર :

તે બાબત નિર્વિવાદ છે કે ભાડાપટ્ટો અથવા પેટા–ભાડાપટ્ટો આપવાનું કાર્ય ડી.ડી.એ. એક્ટ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમોની જોગવાઈઓને સુસંગત છે. આ પેટા–ભાડાપટ્ટો ફોર્મ 'બી' માં કરવામાં આવ્યો હતો. દિલ્હી એક કેન્દ્રશાસિત પ્રદેશ હતો. તેનું શાસન ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ વતી ચીફ કમિશનર દ્વારા ચલાવવામાં આવતું હતું. ચીફ કમિશનરનો હોદ્દો હવે લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે. દિલ્હી હવે ભાગ 'બી' રાજ્ય પણ બની ગયું છે. તેથી, લેફ્ટનન્ટ ગવર્નરની સત્તાનો ઉપયોગ દિલ્હી પ્રશાસન દ્વારા

કરવાનો રહે છે, પરંતુ આવી સત્તા સોંપાયેલી સત્તા હોવાના કારણે, ભારત સંઘ જ્યારે પણ જરૂર જણાય ત્યારે વૈધાનિક નિર્દેશો જારી કરવાની અથવા ઉક્ત અધિનિયમ કે નિયમો મુજબ નીતિવિષયક નિર્ણયો લેવાની પોતાની સત્તાથી વંચિત થઈ ગયું હોવાનું કહી શકાય નહીં. બજારભાવ નક્કી કરવાની સત્તા ભાડાપટ્ટો આપનારની છે. જ્યારે ચીફ કમિશનરને ભાડાપટ્ટો આપનારની સત્તા સોંપવામાં આવી છે, ત્યારે તેઓ પેટા–ભાડાપટ્ટાના દસ્તાવેજની કલમ ૧૦(એ)(બી) અનુસાર આવી સત્તા વાપરવા માટે કોઈપણ અધિકારી અથવા અધિકારીઓને તેની પેટા–સોંપણી કરી શકે નહીં.

